ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨
ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

તારીખ : 12 JUN 2024

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૯૧/૨૩-૨૪/ 565

**આર.પી.એ.ડી.**

કેસ નં.૯૧/૨૩-૨૪

પ્રતિ,
**શ્રી ઝાલા જયવીરસિંહ ભરતસિંહ,**
ઠે. કિનારા, તા.રાણપુર,
જી. બોટાદ.

**મો.નં. ૯૯૨૪૨ ૨૭૪૮૫.**

**વિષય : બંધ કવોરીનું એવરેજનું બીલ રદ કરવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૨/૦૩/૨૦૨૪, અત્રેની કચેરીને મળ્યા તા.૦૬/૦૩/૨૦૨૪.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૧/૨૩-૨૪/૨૦૫ તા.૦૭/૦૩/૨૦૨૪.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૧/૨૩-૨૪/૨૬૫ તા.૨૨/૦૩/૨૦૨૪.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૧/૨૩-૨૪/૩૮૬ તા.૨૯/૦૪/૨૦૨૪.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૦૪/૦૪/૨૦૨૪ અને તા.૧૪/૦૫/૨૦૨૪ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **બોટાદ.**
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **બોટાદ.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર, પ. ગ. વી. કં. લિ., પેટા વિભાગીય કચેરી, **રાણપુર.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

## ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૯૧/૨૩–૨૪** ☜

**વાદી** :– **શ્રી ઝાલા જયવીરસિંહ ભરતસિંહ**

◈ **વિરૂધ્ધ** ◈

**પ્રતિવાદી** :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૦૪/૦૪/૨૦૨૪ તથા તા.૧૪/૦૫/૨૦૨૪** ◈

હાજર રહયા :– (૧) શ્રી ગોહેલ ધર્મેન્દ્રકુમાર નરોતમભાઈ (વાદીશ્રીના એકાઉન્ટન્ટ) તા.૦૪/૦૪/૨૪
(૨) શ્રી ઝાલા જયવીરસિંહ ભરતસિંહ (વાદીશ્રી પોતે) તા.૧૪/૦૫/૨૪

પ્રતિવાદી :– શ્રી એન. એન. અમીન, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી ઝાલા જયવીરસિંહ ભરતસિંહ, મુ.કિનારા, તા.રાણપુર, જી.બોટાદ ની બંધ ક્વોરીનું એવરેજનું બીલ રદ કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૯૧/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, બોટાદને પત્ર નં.બીઝેડ/ફોરમ/૯૧/૨૩–૨૪/૨૦૫ તા.૦૭/૦૩/૨૦૨૪ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.<u>૦૪/૦૪/૨૦૨૪</u> ના રોજ સુરેન્દ્રનગર મુકામે ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી વતી તેમના એકાઉન્ટન્ટશ્રી ગોહેલ ધર્મેન્દ્રકુમાર નરોતમભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એન. એન. અમીન, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ ઉપસ્થિત રહેલ તથા અન્ય મુદત **<u>તા.૧૪/૦૫/૨૦૨૪</u>** ના રોજ બોટાદ મુકામે ઉપસ્થિત રહેવા જણાવેલ જેમાં વાદી શ્રી ઝાલા જયવીરસિંહ ભરતસિંહ તથા પ્રતિવાદી તરફે શ્રી એન. એન. અમીન, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ ઉપસ્થિત રહેલ

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ ગ્રાહક નં.૬૧૭૪૭/૦૧૧૫૧/૭ નું ૮૦ KW ઔદ્યોગિક વીજજોડાણ ધરાવું છું, જેમાં જુન–૨૦૨૨ થી ક્વોરીનું કામકાજ બંધ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૧.૨ મારે કવોરીના બીજા કનેકશન પણ આવેલા છે, જેમાં મંદી અને ચોમાસાના લીધે આ આપવામાં આવેલ બીલ વાળી કવોરીનું કામકાજ પણ બંધ હાલતમાં જ હતું.

૧.૩ ઈલે. એકટ–૨૦૦૩ મુજબ આપના દવારા દર ૬ માસ વીજ ચેકીંગ કરવાનું હોય છે જે આપના દવારા કરવામાં આવેલ નથી. જો આમ કરવામાં આવેલ હોત તો આપણે પણ ખ્યાલ આવી જાત કે કવોરીનું કામકાજ બંધ છે.

૧.૪ વધુમાં જયારે સ્થળ ઉપરથી મીટર ઉતારી લેબમાં ચકાસણી કરતા બોડીના સીલ તેમજ બધા સીલો બરાબર હાલતમાં હતા, તો અમારી દવારા કોઈપણ પ્રકારની ગેરરીતી કે બદઈરાદો ન હોય તેવું જાણવા મળે છે. જેથી આપના દવારા આપવામાં આવેલ RNP/REV/30 તા.૧૭/૦૨/૨૦૨૪ નું બીલ રૂા.૧૨,૪૯,૭૭૬.૯૬ નું રદ કરવા યોગ્ય કરશો.

**<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ ગ્રાહક શ્રી ઝાલા જયવીરસિંહ ભરતસિંહ ગ્રાહક નં.૬૧૭૪૭/૦૧૧૫૧/૭ થી ૮૦ કી.વો.નું સ્ટોશ ક્રશર રીલીઝ કરવામાં આવેલ.

૨.૨ તા.૨૪/૧૧/૨૦૨૩ ના રોજ પીજીવીસીએલ, વર્તુળ કચેરીની સુચનાથી કોર્પોરેટ ડ્રાઈવ હેઠળ સદર LTMD વીજજોડાણનું ચેકીંગ શીટ નં.AM R314421 મુજબ વીજ ચેકીગ કરવામાં આવેલ. જે દરમ્યાન સ્થળ ઉપરનો લોડ ચાલુ માલુમ પડેલ તેમજ ચેકીંગ શીટની રીમાર્કસ મુજબ મીટરની ડીસ્પ્લેમાં (૦) ઝીરો AMP દર્શાવે છે તથા મીટરમાં PULSE નથી ફરતા, જેથી એકયુચેક ટેસ્ટ લઈ શકાયેલ નથી.

૨.૩ જેથી સદર મીટર શંકાસ્પદ જણાતા વધુ તપાસ અર્થે સદર મીટરને પેટી સાથે બંને બાજુએથી સર્વિસ કાપી રીપ્લેસ કરવું તથા તેનું નિયમ મુજબ લેબોરેટરી પરીક્ષણ તથા MRI કરવો, તેવી સુચના થયેલ.

૨.૪ જેના અનુસંધાને તા.૨૫/૧૧/૨૦૨૩ ના રોજ ચેકીંગ શીટ નં.૫૩૬૩૧ મુજબ સદર મીટર બદલવામાં આવેલ છે અને સદર વીજ મીટરનું લેબ ઈન્સ્પેકશન તા.૧૪/૧૨/૨૦૨૩ ના રોજ અરજદારની રૂબરૂમાં કરવામાં આવેલ. જે દરમ્યાન મીટરમાં છેલ્લા રીડીગ ૨૭૪૩૩૮ માલુમ પડેલ અને મીટર બંધ માલુમ પડેલ.

૨.૫ સદર ગ્રાહકના કન્ઝયુમર લેઝર (૧૪૫ પીઆરટી) માં પણ જુલાઈ–૨૦૨૨ થી ઝીરો વપરાશ નોંધાયેલ જણાય છે. આથી ગ્રાહકને જુલાઈ–૨૦૨૨ થી ડીસેમ્બર–૨૦૨૩ નું ૧૧૨૩૦૬ યુનીટનું એવરેજ બીલ રકમ રૂા.૧૨,૪૯,૭૭૬.૯૬ નું લેબ રીપોર્ટ અનુસંધાને આપવામાં આવેલ છે.

૨.૬ સદર ગ્રાહકના સ્થળ પર મુકવામાં આવેલ નવા મીટરમાં તા.૨૫/૧૧/૨૦૨૩ થી ૧૨/૧૨/૨૦૨૩ (પ્રથમ બીલ) સુધીમાં કુલ ૧૭ દિવસમાં ૩૬૫૩ યુનીટ નોંધાયેલ. જે વપરાશ મુજબ મહીનાની એજરેજ ૬૪૪૬ મુજબ જુલાઈ ૨૦૨૨ થી ડીસેમ્બર ૨૦૨૩ સુધીનું એવરેજ બીલ ગ્રાહકને તા.૧૨/૦૨/૨૦૨૪ ના રોજ આપવામાં આવેલ, જેની વિગત નીચે મુજબ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

| Sr. No. | Month | AVG Unit (KWH) | AVG Unit (KVARH) | Fix Charge | Energy Charge | Reactive Chg | Fuel Charge | E.D. | Total Bill Amt. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Jul-2022 | 6446 | 9600 | 7760.00 | 29651.60 | 960.00 | 21594.10 | 11993.14 | 71953.84 |
| 2 | Aug-2022 | 6446 | 9600 | 7760.00 | 29651.60 | 960.00 | 21594.10 | 11993.14 | 71953.84 |
| 3 | Sep-2022 | 6446 | 9600 | 7760.00 | 29651.60 | 960.00 | 21594.10 | 11993.14 | 71953.84 |
| 4 | Oct-2022 | 6446 | 9600 | 7760.00 | 29651.60 | 960.00 | 21594.10 | 11993.14 | 71953.84 |
| 5 | Nov-2022 | 6446 | 9600 | 7760.00 | 29651.60 | 960.00 | 21594.10 | 11993.14 | 71953.84 |
| 6 | Dec-2022 | 6446 | 9600 | 7760.00 | 29651.60 | 960.00 | 21594.10 | 11993.14 | 71953.84 |
| 7 | Jan-2023 | 6446 | 9600 | 7760.00 | 29651.60 | 960.00 | 21594.10 | 11993.14 | 71953.84 |
| 8 | Feb-2023 | 6446 | 9600 | 7760.00 | 29651.60 | 960.00 | 21594.10 | 11993.14 | 71953.84 |
| 9 | Mar-2023 | 6446 | 9600 | 7760.00 | 29651.60 | 960.00 | 21594.10 | 11993.14 | 71953.84 |
| 10 | Apr-2023 | 6446 | 9600 | 7760.00 | 29651.60 | 960.00 | 21594.10 | 11993.14 | 71953.84 |
| 11 | May-2023 | 6446 | 9600 | 7760.00 | 29651.60 | 960.00 | 21594.10 | 11993.14 | 71953.84 |
| 12 | Jun-2023 | 6446 | 9600 | 7760.00 | 29651.60 | 960.00 | 21594.10 | 11993.14 | 71953.84 |
| 13 | Jul-2023 | 6446 | 9600 | 7760.00 | 29651.60 | 960.00 | 21594.10 | 11993.14 | 71953.84 |
| 14 | Aug-2023 | 6446 | 9600 | 7760.00 | 29651.60 | 960.00 | 21594.10 | 11993.14 | 71953.84 |
| 15 | Sep-2023 | 6446 | 9600 | 7760.00 | 29651.60 | 960.00 | 21594.10 | 11993.14 | 71953.84 |
| 16 | Oct-2023 | 6446 | 9600 | 7760.00 | 29651.60 | 960.00 | 21594.10 | 11993.14 | 71953.84 |
| 17 | Nov-2023 | 6446 | 9600 | 7760.00 | 29651.60 | 960.00 | 21594.10 | 11993.14 | 71953.84 |
| 18 | Dec-2023 | 2724 | 4081 | 0.00 | 12530.40 | 408.10 | 9125.40 | 4412.78 | 26476.68 |
| TOTAL | | 112306 | 167281 | 131920.00 | 616607.60 | 16728.10 | 376225.10 | 208296.16 | 1249776.96 |

૨.૭ તા.૧૨/૦૨/૨૦૨૪ ના રોજ આપેલ એવરેજ બીલમાં ફીકસ ચાર્જની રકમ ડબલ વખત થતી હોવાથી, સદર ફીકસ ચાર્જની રકમ અને તેના પર ગણેલ ફયુલ અને ઈ.ડી. ચાર્જની રકમ રૂ.૨૧૦૫૧૬.૬૦ તા.૦૭/૦૩/૨૦૨૪ ના રોજ ગ્રાહકના ખાતે જમા આપવામાં આવેલ છે તથા રીવાઈઝ સપ્લીમેન્ટરી બીલ રૂબરૂમાં તા.૦૨/૦૪/૨૦૨૪ ના રોજ આપવામાં આવેલ, જે ગણતરી નીચે મુજબ છે.

| Sr. No. | AVG Unit (KWH) | AVG Unit (KVARH) | Fix Charge | Energy Charge | Reactive Chg | Fuel Charge | E.D. | Total Bill Amt. |
|---|---|---|---|---|---|---|---|---|
| આપેલ એવરેજ બીલ | 112306 | 167281 | 131920 | 516607.6 | 16728.1 | 376225.1 | 208296.2 | 1249776.96 |
| આપવા પાત્ર એવરેજ બીલ | 112306 | 167281 | 0 | 516607.6 | 16728.1 | 332714.6 | 173210.1 | 1039260.36 |
| જમા આપેલ રકમ | 0 | 0 | 131920 | 0 | 0 | 43510.5 | 35086.1 | 210516.60 |

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૨.૮ આમ, ગ્રાહકને તા.૧૨/૦૨/૨૦૨૪ ના રોજ આપવામાં આવેલ ૧૧૨૩૦૬ યુનીટનું બીલ કંપનીના નિયમાનુસાર જ આપવામાં આવેલ છે અને રીવાઈઝ સપ્લીમેન્ટરી બીલ મુજબ રકમ રૂા.૧૦,૩૯,૨૬૦.૩૬ ભરવાપાત્ર છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી ઝાલા જયવીરસિંહ ભરતસિંહ ઠે.કિનારા, તા.રાણપુર ને તેમના ગ્રાહક નં.૬૧૭૪૭/૧૧૫૧/૭ થી ૮૦ KW નું LTMD વીજ કનેકશન માં પ્રતિવાદી પીજીવીસીએલ દવારા મીટર ચેન્જના લેબ રીપોર્ટ મુજબ આપવામાં આવેલ રૂા.૧૨,૪૯,૭૭૬.૯૬ ના એડજસ્ટમેન્ટ સામે વાંધો હોય, ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજી અંગે પ્રથમ તા.૦૪/૦૪/૨૦૨૪ ના રોજ પ્રથમ સુનાવણી રાખવામાં આવેલ, જેમાં બન્ને પક્ષોએ હાજર રહી રજુઆતો કરેલ તેમજ પ્રતિવાદી દવારા વધુ વિગતે અહેવાલ રજુ કરવા મુદત માંગવામાં આવતાં, તા.૧૪/૦૫/૨૦૨૪ ના રોજની સુનાવણીમાં તેઓએ હાજર રહી રજુઆતો કરેલ છે.

૩.૩ પ્રસ્તુત કેસની વિગત મુજબ વાદીનું સ્ટોન ક્રશર વીજ કનેકશનના મીટરનું તા.૨૪/૧૧/૨૦૨૩ ના રોજ ચેકીંગ થયેલ, જેના પરીક્ષણને ધ્યાને લઈને તા.૨૫/૧૧/૨૦૨૩ ના રોજ મીટર બદલાવવામાં આવેલ તેમજ વાદીની હાજરીમાં તા.૧૪/૧૨/૨૦૨૩ ના રોજ લેબ ઈન્સ્પેકશન કરતાં, છેલ્લા રીડીંગ ૨૭૪૩૩૮ અને મીટર બંધ માલુમ પડેલ તેમજ પી.આર.ટી. ૧૪૫ અનુસાર પણ વાદીનું મીટર જુલાઈ–૨૦૨૨ થી ઝીરો વપરાશ દર્શાવતાં, જુલાઈ–૨૦૨૨ થી ડીસેમ્બર–૨૦૨૩ સુધીનું ૧૧૨૩૦૬ યુનીટનું એવરેજ બીલ રૂા.૧૨,૪૯,૭૭૬.૯૬ નું આપવામાં આવેલ.

૩.૪ ત્યારબાદ આપવામાં આવેલ બીલમાં ભૂલને સુધારીને રીવાઈઝડ બીલ રૂા.૧૦,૩૯,૨૬૦.૩૬ નું તા.૧૨/૦૨/૨૦૨૪ ના રોજ આપવામાં આવેલ.

૩.૫ રજુ થયેલ રેકોર્ડ, બીલીંગ ડેટા અને રજુઆતોને ધ્યાને લેતાં ફોરમને જણાય છે કે, અરજદારને જુલાઈ-૨૦૨૨ થી નવે.-૨૦૨૩ સુધીના ૧૭ માસ સુધી ૯૬૦૦ યુનીટનું સરેરાશ બીલ પ્રતિમાસ આપવામાં આવેલ છે તે બિલકુલ અયોગ્ય છે. આ વીજ જોડાણ ને જી.ઈ.આર.સી.ના સપ્લાય કોડ ૪/૨૦૧૫ ના ક્લોઝ ૬.૩૧ મુજબ નિયમાનુસાર ચકાસણી કરવામાં આવી નથી.

પ્રતિવાદીએ ફોરમને મોખિક જણાવેલ છે કે સદર વીજ જોડાણની લાઈન તેમજ મીટરને બિન અધિકૃત રીતે સ્થળ ફેર કર્યાનું ધ્યાનમાં આવેલ છે પરંતુ તે બાબતે વિગતવાર પુરાવા રજુ કરવા માટે ફાળવેલ સમયાવધી પૂર્ણ થયેલ હોવા છતાં ફોરમને અહેવાલ મળેલ નથી.

વાદી દ્વારા પોતાની કવોરી બંધ રહેલ હોવા છતાં પણ ઉપરોક્ત સમય ગાળાનું એવરેજ બીલ મળેલ છે તેની સામે વિરોધ હોવાનું કહીને માફ કરવા વિનંતી કરેલ છે.

Consumer Grievance Redressal Forum
PGV.C.L.
Bhavnagar

૩.૬ ઉપરોક્ત હકીકતોને ધ્યાને રાખીને ફોરમનું તારણ છે કે પ્રતિવાદી દ્વારા આપવામાં આવેલ તમામ એવરેજ બીલ રદ ગણીને ફક્ત જુલાઈ ૨૦૨૨, ઓગસ્ટ ૨૦૨૨ અને સપ્ટેમ્બર ૨૦૨૨ એમ ત્રણ માસ માટે જ ૯૬૦૦ યુનિટ નું બીલ આપવું. ઓક્ટોબર ૨૦૨૨ થી નવેમ્બર ૨૦૨૩ સુધી શૂન્ય યુનિટનું બીલ આપવાનું રહેશે. આ હુકમની અમલવારી દિન ત્રીસ માં કરવી.

પીજીવીસીએલ દ્વારા સંબધિત બેદરકાર અધિકારી/કર્મચારી સામે શિસ્તભંગની કાર્યવાહી કરીને અત્રેના ફોરમને અહેવાલ કરવાનો રહેશે.

## :: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(Sd/-)
**(શ્રી જે.એમ મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

ગેરહાજર
**(શ્રી પી. જે. મહેતા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

(Sd/-)
**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૧૪/૦૫/૨૦૨૪.**

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar